





પડીએં રાજકારણમાં, તમે કહો તો જ!
ને થઇ જાઇએં પ્રધાન પણ, તમે કહો તો જ!
તમે કહો તો કરીએં કૌભાંડ કરોડોનાં -
ને થઇ જઇએં અમે જ લોકપાલ તમે કહો તો!!
(અન્ના ત્રવાડીનાં રીંગણાં..)

મળશે ગ્રાંટ,
થશે ધમધોકાર -
દુષ્કાળ મેળો..

ઘર વેંચીને
ભરો મિલ્કત વેરો
ભૂખી મનપા..




## ચિંતન

**દૈવે વિમુખતાં યા તે ન કોઅપ્યસ્તિ સહાયવાન ।**
**માતા પિતા તથા ભાર્યા ભ્રાતા બાથ સહોદરઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'નસીબનો મહિમા'નો આ શ્લોક છે :-

'માતા, પિતા, કુટુંબીજનો કે ભાઇ આ બધા હોવા છતાં જો નશીબ અવળું હોય તો કોઇ સહાયક બનતું નથી.'

માણસે જે અને જેવા કર્મ કર્યાં હોય તેવા ફળ 'નશીબ' સ્વરૂપે ભોગવવાના આવે જ છે.

મોટા સત્તાધારી પ્રધાન હોય, ગાડી બંગલા હોય, મોટો પરિવાર માતા-પિતા-પત્ની-પુત્રો-પુત્રી જમાઇઓ હોય પણ નશીબ જો વાંકા હોય તો 'ગુન્હા'માં આવી જાય અને એની સજા માત્ર 'એકલા' ને ભોગવવી પડે છે. દા.ત. અમિત શાહ - પ્રધાન હતા. જમણાં હાથ હતા. કેટલાયની જીવાદોરી તેમના હાથમાં હતી. છતાં આજે એ એકલા પોતાના ઘર-શેરી-જિલ્લા રાજયમાં પ્રવેશ પણ નથી કરતી શકતા. એમને 'એકલા' જ 'રાજયવટો' ભોગવવો પડે છે. આને કહેવાય નશીબ.

આજે અબજોપતિ 'રાજાઓ' પ્રધાનશ્રીઓ બૂટલેગરો- ગેંગાધિપતિઓ- પોલીસ અધિકારીઓ જે ધારે તે કરી શકે એવા મહાનુભાવો 'કોટડી'માં નથી પૂરાયા?

એમનો પરિવાર-મિત્રો-સત્તાધીશો એમની શી સહાય કરી શકે છે?

## સુવિચાર

- ચિંતા સિવાય, જીવનને શોષનારૂં બીજું કોઇ તત્ત્વ નથી **- પંચતંત્ર**
- ચિંતા એ જાતે આજ સુધી કોઇનું કોઇ જ કાર્ય પૂરૂં કર્યું નથી **- સ્વેટ મોર્ડન**
- જે લોકો બીજાનાં કામ અને બીજાની ફરજોની ચિંતા કરતા નથી તે આરામ અને શાંતિ મેળવે છે **- કવાટ્રોચી**
- ચિંતા એ જીવનના કાટરૂખ છે જીવનની તાકાત ને ખોતરી ખોખલું બનાવે છે **- ટ્રાયન એડવડ્ઝ**
- ચિંતા એ પાપ અને દુઃખોની જનની છે **- બ્લેટ**
- જયાં સુધી તમને મુશ્કેલી નડે નહીં તે પહેલાં એની ચિંતા કરી તમે જાતે મુશ્કેલી ને ન નડો **- હિતોપદેશ**
- આપણી કમજોરીનું કારણ અને બિમારીનું તારણ એટલે ચિંતા **- જાબર્ટ**

## બોધ કથા

૧૮૫૭માં હિન્દુસ્તાન એક હતું. હિંદુ-મુસ્લિમમાં ભેદ હતા જ નહીં. અંગ્રેજ સરકારે ભાગ પડાવ્યા. પાકિસ્તાને કટ્ટર બનાવી પોષ્યા અને આપણા મૂર્ખ નેતાઓ એને પંપાળે છે.

બાદશાહ-કવિ બહાદુર શાહ ઝફર પણ ૧૮૫૭ના સશસ્ત્ર બળવામાં જોડાયા હતા. બળવાને નિષ્ફળતા મળી બહાદુરશાહ ઝફરને રંગૂન ખાતે કેદમાં રાખવામાં આવ્યા. કવિશ્રી શું લખે છે વાંચે. બોલે છે તેના પર નજર રાખતા એક અંગ્રેજ પાદરી જે ઉર્દૂ પણ જાણતા હતા. તેને ઝફરની તહેનામમાં રાખવામાં આવ્યા હતા.

ઝફર દમ-અસ્થમાના રોગી હતા. એકવાર દમનો મોટો હુમલો આવ્યો. ખૂબ શ્વાસ ચઢ્યો હતો ત્યારે પેલા પાદરીઓ ટોણો મારતો એક શેર ઝફરને કહ્યો.

દમ દમ મેં દમ નહીં, અબ ખૈર માંગો જાન કી ઝફર!
અબ મ્યાન હો ચૂકી હૈ સમશેર હિંદુસ્તાન કી ॥

લાંબા શ્વાસ લેતા ઝફરે છતાં ય કટકે શેરનો જવાબ શેરથી આપતાં કહ્યું -

હિંદુસ્તાનીયોં મે જબ તલપ બૂ રહેગી ઇમાન કી ।
તખ્તે લંડન તક ચલેગી તેગ હિંદુસ્તાન કી ॥

(તેગ-તલવાર-આણ) કહ્યું, જયાંથી સુધી ભારતીયોમાં ઇમાન (નિષ્ઠા-ચારિત્ર્ય) જેવી કોઇ રહેશે ત્યાં સુધીના સમય પર્યંત લંડનના શાહી તખ્તા સુધી હિંદુસ્તાની સમશેરની આણ ચાલતી રહેશે..

(આજે નિષ્ઠા-ઇમાન રહ્યાં નથી એટલે વિશ્વ ટપલાં મારે છે)

# કાગળ ઉપર તો હવે અસ્પૃશ્યતા નાબૂદ થઇ ચૂકી છે, છતાં શું એ સાચેસાચ નામશેષ થઇ છે ખરી?

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

## ત્યાં ધૂપ, અહીં બીડીનો ધૂમાડો કયારે રૂઝાશે આ ઘારું?

રામનારાયણ વિશ્વનાથ પાઠક.

એમના સમયના બહુશ્રુત સાક્ષર. શ્રેષ્ઠ કવિ, શ્રેષ્ઠ વાર્તાકાર અને ઉત્તમ વિચારક. ત્રણ ત્રણ ઉપનામ (તખલ્લુસ) ધારણ કરનારા પ્રબુધ્ધ સારસ્વત અને સર્જકોના સર્જક. ટૂંકમાં ગિરા ગૂર્જરીની ગ્રીવામાં શોભતું સો ટચનું સોનાનું ઘરેણું. એમને સમાજના સડેલા અંગ સામે આંખ મિચામણાં કરનારા સમકાલીન સાક્ષરોની પંગતમાં પાટલો માંડી સસ્તાં માન અકરામ ઉઘરાવવાને બદલે દુખિયારાં છેવાડાનાં માનવ ભાંડુની આંગળી પકડી. 'ખેમી' વાર્તા. એનું નરવું - ગરવું કલાત્મક દૃષ્ટાંત છે. રીચી રોડ પર ઝાડુ વાળતી એ સ્વમાની મહેતરાણી એના દારૂડિયા ટીબી-પીડિત ધણીના અકાળ અવસાન પછી પણ નથી પેલા સુધરાઇના અમલદારને ગાંઠતી કે નથી જીવતર પર થીંગડું મારવા તૈયાર થતી. રા.વિ. પાઠક 'દ્વિરેફ' ઉપનામથી વાર્તા લખે છે, 'શેષ' ઉપનામથી કાવ્યો રચે છે અને 'સ્વૈર વિહારી' જેવા તખલ્લુસથી નિબંધો આપે છે. સર્જકના સમાજધર્મ પ્રત્યે એ કેટલા જાગ્રત છે! એમણે હિન્દુ ધર્મની કાળી ટીલી સમી આભડછેડની બદી વિશે તીખો, તમતમતો કટાક્ષ કરતાં લખ્યું હતું, તે લખાણ તરફ યુવાન મિત્ર દિનુ ભદ્રેસરિયાએ ધ્યાન ખેંચ્યું; 'હિંદુઓનું ખાસ સાયન્સ' શીર્ષક હેઠળ દલિત સાહિત્યના મુખપત્ર 'હયાતી' માં પ્રકાશિત થયેલો પરિચ્છેદ અક્ષરશઃ ઉતારું છું -

'ઘણા લોકો કહે છે કે હિંદુઓએ સાયન્સમાં શોળખોળ કરી નથી. પણ અત્યારે પણ હિંદુઓએ કેટલીક શોધ કરી છે તેની કયાં કદર થાય છે? હિંદુઓએ જે એક તત્ત્વ શોધી કાઢ્યું છે તેનો તો કાચ પણ એટલો જ વાહક છે! એ નવીન તત્ત્વનું નામ છેઃ આભડછેટ! દુનિયા ઉપર કોઇ બીજી પ્રજાએ તેની શોધ કરી નથી. થિયોસોફિસ્ટો કહે છે કે શરીરમાં વિદ્યુત છે, પણ હિંદુઓએ આભડછેટની શોધ કરી છે તે પછી વિદ્યુતની શોધની જરૂર રહેતી નથી.' ... આવાં તીખાં કટાક્ષબાણ છોડનારા પાઠક સાહેબ જન્મે પ્રશ્નોરા નાગર હતા. સાહિત્ય એ એકદંડિયા મહેલમાં પુરાઇ જઇ ફક્ત નિજાનંદ ખાતર ખેડવાલાયક શબ્દલીલાનું ક્ષેત્ર નથી. લેખકે એક અદના સમય પુરૂષ તરીકે એના સમાજની દુઃખતી ગ પર દબાવવી જ રહી. સાચો સર્જક એના સમય કે સમાજને અવગણવાનું પાપ ન જ કરી શકે. રા.વિ. પાઠકને મોટા ગજાના કળાધર્મી સાક્ષર તરીકે ઓળખાવનારા ભૂલી જાય છે કે તેઓ એટલા જ મોટા જીવનધર્મી અને સમાજધર્મી સર્જક હતા. ગાંધીજીએ એમના જીવનકાર્ય લેખે અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમને સ્વરાજ કરતાં પણ અગ્રતાક્રમે મૂકીને સદીઓ જૂના દૂઝતા જખમનો ઇલાજ શોધવાની મથામણ આદરી હતી. તેમના આ માનવ માંગલ્યના મહાયજ્ઞમાં સમકાલીન સાક્ષરોએ પણ સૂર પુરાવ્યો હતો.

કાગળ ઉપર તો હવે અસ્પૃશ્યતા નાબૂદ થઇ ચૂકી છે, છતાં શું એ સાચેસાચ નામશેષ થઇ છે ખરી? તાજેતરમાં ઉત્તર ભારતના એક ગામમાં પંચાયતે ઠરાવ કર્યો કે દલિતોને મંદિરમાં પ્રવેશવા દેવા નહીં, કારણ કે એ લોકો માંસાહાર કરે છે. ગ્રામીણ ધાર્મિક માનસમાં એકવીસમી સદીમાં પણ આવા મુદ્દા તત્કાળ ક્લિક થઇ જતા હોય છે! અસરગ્રસ્ત દલિતોએ આ મુદ્દે પણ જાહેર આંદોલન કરવાની ચીમકી આપી છે; સરકારે પણ પંચાયતના જોહુકમી ભર્યા વલણ સામે લાલ આંખ કરી હશે. પરંતુ 'કાયદો' બતાવી દેવાથી જ કામ પતી જતું હોય તો જોઇતું જ શું હતું! કાયદો તો પોથીનાં રીંગણાંની જેમ કાયદાપોથીમાં રહી જતો હોય છે. સમાજ સમાજની રીતે ચાલ્યા કરે છે. સદીઓથી ચાલી આવતી સૂગ કલમના ગોદે શમી જાય એ વાતમાં માલ નથી. જો એમ જ થયું હોય તો બાબા-બ્રાન્ડ બંધારણના અમલને બાસઠ વર્ષ થઇ ગયા પછી દલિત સમાજ તરફ સવર્ણ સમાજની આવી નઘરોળ નાગડદાઇ કયારનીય બંધ થઇ જવી જોઇતી હતી. માંસાહાર તો સવર્ણ ક્ષત્રિયો પણ કયાં નથી કરતાં? શું એમને કોઇ મંદિરોમાં પ્રવેશતાં અટકાવી શકશે? પરંતુ શહેરો સિવાય દલિત-સવર્ણ વચ્ચેની આ ખાઇ વત્તા-ઓછા પ્રમાણમાં હજી એમની એમ છે, બલકે કેટલાક પ્રસંગો પરથી તો એવું ય તારણ નીકળે કે એ ખાઇ પુરાવાને બદલે વધારે પહોળી થઇ છે. શહેરોમાં લોકોને આવી ક્ષુલ્લક બાબતો પાછળ વખત બગાડવો પોસાતો નથી, એટલે એ સમસ્યા ઉકલી ગઇ હોય એવો આભાસ જરૂર થાય; પરંતુ પ્રસંગોપાત અનામત જેવા મુદ્દે એ દબાયેલી સૂગ લોહિયાળ ઉછાળા મારતી રહી છે. હજી પણ સવર્ણોનું સવર્ણપણું ટકોબાબંધ રહ્યું છે. રાઘવજી માધડ જેવા સંવેદનશીલ સર્જક અને ઉચ્ચ સરકારી અધિકારીને ગુજરાતની રાજધાનીમાં જ આ દુઃખ તે કોને કહેવું! સરકાર પણ બિલ્ડરને ફરજ તો ન જ પાડી શકે : આખરે એણે કોને મકાન વેચવું ને કોને - નહીં, તે એનો મૂળભૂત અધિકાર છે!

દલિત સમાજને હિંદુ સમાજની મુખ્યધારામાં લાવવા માટે ગાંધીયુગમાં રીતસરની ઝુંબેશ ચાલી. બાબાસાહેબ આંબેડકરે દલિતો માટે અલગ મતાધિકાર માગતાં ગાંધીજી આમરણ ઉનશન કરવા બેસી ગયા હતા. ગાંધીજીનો આદર્શ ગણો ઊંચો હતો. પરંતુ એ આદર્શ હતો. વાસ્તવ ઘણો કપરો હતો. ડો. બાબાસાહેબ આંબેડકર જેવી વિભૂતિને નાછૂટકે 'બુધ્ધં શરમં ગચ્છામિ' કરવું પડ્યું હતું. એમનું એ પગલું સવર્ણ હિંદુ સમાજ માટે તેજીની ટકોર નીવડવું જોઇતું હતું, પરંતુ શુ એવું કશું બન્યું છે ખરું? દલિત સમાજ આખેઆખો વટલાઇને ખ્રિસ્તી કે મુસલમાન બની જાય તો પણ પેલું જડ 'સવર્ણ' માનસ બદલાય એ વાતમાં માલ નથી! ઉલ્ટાના એ લોકો અંદરોઅંદર જંગ જીત્યા હોય એમ તાળીઓ લેશે : 'ટાઢા પાણીએ ખસ ગઇ!'

'બ્રહ્મ ચમાર' જેવા ચોટકૂડ તખલ્લુશથી દલિત સાહિત્યનાં સામયિકોમાં વેધક અને નેત્રદીપક રચનાઓ આપતા કવિની એક તાજી કવિતા વાંચો - હવે એને મંદિરમાં પ્રવેશવાનો મોહ નથી રહ્યો એ ભગવાનને જ બહાર બોલાવવા માગે છે :

**'મંદિરમાં હોય તો બ્હાર તું આવ, તારા દર્શને ઊભો છું હું,**
**- પછી કે'તો નીં : 'કયાં ચાલ્યો ગ્યો તું?'**
**વરસોથી વેઠેલી વેદનાઓ કે'વી છે**
**કરવી છે પેટ છૂટી વાત,**
**દરવાજો ખોલ, માંગવાનું કાંઇ નથી**
**આ તો ડંખે છે અંધારી રાત.**
**પૂજારીની પૂજાથી પ્રભુ! તું ય દબાય છે કે શું?**
**મંદિરમાં હોય તો બ્હાર તું આવ, તારા દર્શને ઊભો છું હું.**
**લખી લખીને આંગળિયું દુખે છે**
**હજી લખવાની વાત છે અધૂરી**
**ત્યાં ધૂપ, અહીં બીડીનો ધુમાડો**
**તારે મન વારતાઓ પૂરી!**
**ભીખ અને ભૂખ મારી સગી સાહેલીઓ -**
**કહે તુંને પરણાવી દઉં?...'**

- દલિત સાહિત્ય આખરે તો તૂટેલા સામાજિક લયની જ જેવી આવડી એવી અભિવ્યક્તિ છે. ઉપરની કવિતામાં લીટીએ લીટીએ લય તૂટે છે, એ જ શું આજ પર્યંત અકબંધ રહેલી આભડછેટનો અનુવાદ નથી? આખરે એક રાષ્ટ્ર સમોવડિયો લોકસમુદાય એની 'હયાતી' માટે કયાં લગી વલવલતો રહેશે.

**(સંદર્ભ : ડો. કેશુભાઇ દેસાઇનો વાર્તાલાપ)**

# પર્યાવરણ, પક્ષીઓ સાથે પ્રેમ તથા સહજ માનવીય કોમળ સંબંધોની કથા

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આજ કુદરતમાં જાત જાતના જીવો છે.એ સોમાં સૌથી માસૂમ અને સુંદર છે એવાં પક્ષીઓ. જે આપણી વન્ય સંસ્કૃતિની સંપત્તિ પણ છે. પોતાની મખમલી પાંખોને ફેલાવતાં, પોતાના મધુર અવાજથી સંગીત પેદા કરતાં આ પંખીઓ મનની શાંતિને જીવન પ્રદાન કરે છે.

આજે જયારે સમસ્ત વિશ્વ પર્યાવરણ માટે ચિંતિત છે. ત્યારે સ્વ. કમલેશ્વરની હિન્દી નવલકથા આ વિષયને ખુબ જ સંવેદનાત્મક રીતે રજૂ કરતી હોઇ તેનો ગુજરાતી અનુવાદ આપણને સુરેન્દ્ર દોશી અને હર્ષદ રાણા દ્વારા પ્રાપ્ત થાય છે જેમાં આ પ્રશ્નને ભારતીય પ્રજા સમક્ષ રજૂ કર્યો છે એની સાથે સાથે જૂની સામંહશાહી વિચારધારાને પણ ચાબખા માર્યા છે. એ રીતે જોઇએ તો આ નવલકથા એક ખાસ વિશિષ્ટ છાપ પાડે છે.

નવલકથાના મુખ્ય પાત્રો ગૌતમ અને સમીરાનું ચરિત્ર ચિત્રણ લેખકે અત્યંત સફળતાપૂર્વક કર્યું છે. દેશકાળ અને વાતાવરણ તથા સમાજ એના યથાર્થ સ્વરૂપે પ્રતિબિંબિત થયાં છે. સંવાદો તથા ભાષા શૈલી કૃતિને જીવંત બનાવી દે છે. ધીરગંભીર પ્રકૃતિનો નાયક ગૌતમ નવલના અંતે કમલેશ્વરના ઉદ્દેશ્યને પૂર્ણ કરવામાં નિમિત્ત બની જાય છે. એ યોગ્ય જ વિચારે છે કે ઘણું બધું એવું હોય છે કે જે વીતી ગયા પછી પણ મનમાં જીવંત હોય છે.

વસ્તુતઃ લેખકે કથામાં વિવિધ તંતુઓને એવી સરસ રીતે ગૂંથીને અંતે એવો આકાર આપ્યો છે કે જયાં ગૌતમની નજર સામે છેવટે તો પ્રકૃતિ અને પર્યાવરણ બે જ બાકી રહે છે. કરૂણા, દયા અને સહ અસ્તિત્વનો ભારતીય સિધ્ધાંત સદીઓ જૂનો છે. ભારતીય સંસ્કૃતિ એ જીવ અને જીવન, પ્રકૃતિ અને પરા-પ્રકૃતિ માટે એનો શતાબ્દીઓ પહેલાં સ્વીકાર કર્યો છે. જીવન અને વનસ્પતિના અને જીવ જંતુઓના પારસ્પરિક સમતોલનને જોયું હતું. તેથી દુઃખને બદલે કરૂણા, દરદને બદલે દયા અને સહ - અસ્તિત્વ માટે જીવનને સ્વીકાર્યું હતું. આપણી સંસ્કૃતિએ કોઇ પણ પ્રકારના મૃત્યુનો વિરોધ કર્યો હતો.

આ જ સર્વ માંગલિક નિષ્ઠાઓ બૌધ્ધકાલીન અને જૈનકાલીન અહિંસાને જન્મ આપ્યો હતો. પરંતુ આધુનિકરણે પ્રકૃતિ અને પર્યાવરણને શોષણનું માધ્યમ બનાવ્યું. પ્રકૃતિ પરના વિજયની અતિ પ્રસંશા કરવામાં આવી અને આ વિજય દાયકાઓ પછી માણસને ખબર પડી છે અને તેથી જ આ કથાને અંતે સરોવર પર લાગેલ બોર્ડમાં બે જ પંક્તિઓ જોવા મળે છે.

**'પંખીઓની ધર્મશાળા, અહીં શિકાર કરવાની મનાઇ છે.'**

કારણ કે આ પરદેશી પક્ષીઓ જે શિયાળામાં સાઇબિરિયા અને ઉત્તર ધ્રુવથી હજારો માઇલ દૂરથી ઊડીને દર વર્ષે આવે છે. વસવાટ કરે છે. એ સુંદર અને માસૂમ પક્ષીઓ લગભગ ૧૧,૦૦૦ વર્ષોથી ભારત આવે છે. હજારો માઇલોની સફર કરે છે. હિમાલયને ઓળંગે છે અને શિયાળામાં ભારતને પોતાનું ઘર બનાવી દે છે. પરંતુ આ માસૂમ પક્ષીઓનો પણ મૃત્યુ પીછો કરે છે. ઠેર ઠેકાણે એમને પકડવામાં અથવા મારી નાંખવામાં આવે છે. અને એમનો વ્યાપાર કરવામાં આવે છે. જયાં વિદેશી પક્ષીઓ જીવન પ્રાપ્ત કરવા આવે છે, વસવાટ કરે છએ આ જ સત્ય ને ઉદ્ઘાટિત કરે છે. પરંતુ શિકારીની બંદૂકમાંથી એક ગોળી છૂટે છે અને સઘળું વાતાવરણ ખળભળી ઊઠે છે. આ જ દારૂણ મૃત્યુ, પરંપરાના આંધળા અભિયાનમાંથી મુક્તિનું એક આખ્યાન છે આ નવલકથા.




'અણવીત્યો અતીત' નવલકથાના અપૂર્વ કથા વસ્તુઓ અનુવાદકોને અત્યંત પ્રભાવિત કર્યા જેના કારણે ગુજરાતી વાચકો માટે આ અનુવાદ સુલભ બન્યો છે તેમાં ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના મનુભાઇ શાહ અને રોહિત શાહે અંગત રસ લેતાં આ કૃતિ ગુજરાતી વાચકો સમક્ષ રજૂ થઇ શકી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આશાની ટપાલ મળતા તેના બાપુજીનું હૈયું ભરાઇ આવ્યું, પોસ્ટ માસ્તર જેમ જેમ ટપાલ વાંચતાં જતાં તેમ તેમ દાદાની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૭)

- જયંતીલાલ મકવાણા

**(ગતાંકથી આગળ...)**

સંધ્યાએ કહ્યું, "આશા, તારે આ બહેનો સાથે રહેવાનું છે." આશાએ દાંતમાં આંગળી નાખી શરીર ડોલાવતા કહ્યું. "તમે મારા પતિને જોયા છે?" એ મોટા સા'બ છે સા'બ! એ મને તેડવા આવવાના છે?

આશાનું ગાંડપણ જોતા સ્ત્રીઓ હસવા લાગી.

સંધ્યાએ કડકાઈથી આશાને કહીં દીધું. "આશા, તારા પતિનો ફોટો લાવ. અહિં તારે કોઇ વસ્તુ રાખવાની નથી."

"ના...ના... એતો મારી પાસે જ રાખીશ?"

પછી સંધ્યાએ સમજાવતાં કહ્યું. "તારા પતિ તને તેડવા આવશે ત્યારે તને ફોટો પાછો આપીશ."

"મારા પતિ મને તેડવા આવશે ને!"

"હા, આવશે, પણ તારે અહિ નારી કેન્દ્રની પ્રવૃત્તિઓમાં કામે લાગી જડવાનું છે." ગૃહમાતાને બોલાવી આશાની ભલામણ કરી દીધી.

આશાને નારી કેન્દ્રમાં દાખલ કરતાં સંધ્યાને સાંજે ઘરે જવાનું મોડું થઈ ગયું. તેનો પતિ રાહ જોતા થાકયા હતા. સંધ્યાને ઘરમાં આવતાં જોઈ બોલી ઉઠ્યો, "સંધ્યા, આજે બહુ મોડું થઈ ગયું?"

"અરે, ગાડી દોઢેક કલાક મોડી હતી વળી પાછું રસ્તામાં એક સ્ત્રીનું લફરું વળગ્યું એટલે એને નારી કેન્દ્રમાં દાખલ કરીને આવતાં મોડું થઈ ગયું."

"તારે તો રસ્તામાં આવા ને આવા લફરાં વળગે!"

"શું કરું, સમાજ સેવિકા છું? વળી નોકરી પણ એવી છે ને?"

"સારું હવે આ બબાલ તો કાયમની છે? પહેલાં રસોઇનું કાંક વિચાર એટલે જમવા ભેગા થઈએ."

સંધ્યાએ ઝડપથી રસોઇ બનાવી નાખી બંનેએ જમી લીધુંને પછી પલંગમાં આડા પડ્યા. વ્યવહારિક વાતો કરતાં કરતાં બંનેની આંખો મળી ગઈ.

નારી કેન્દ્રમાં આશાની સારસંભાળ નિયમિત થતાં તેના માનસિક વલણમાં સુધારો થતો ગયો. તેણે હવે હસવાનું બંધ કરી દીધેલ છતાં કોઇ વાર હસી પડતી. તેની હરકતોમાં સુધારો થતો જતો. તેણી દરરોજ ભણવા બેસી જતી હતી. હવે તે વ્યવસ્થિત કપડાં પહેરી તૈયાર થતી. તેના વર્તનમાં ઘણો સુધારો થઈ ગયો હતો. બે-ત્રણ મહિનામાં તો આશા ભાંગ્યું તૂટ્યું વાંચી શકતી નથી. આંકડાઓ પણ લખી સમજી શકતી. આશામાં સુધારો થતાં તેનો નવો જન્મ થયો હોય તેમ તેને પણ ભાસતું હતું. ગૃહમાતા અને સંધ્યાના ઘડતરથી તેનામાં એક ભારતીય નારીનાં દર્શન થતાં હતા. તેનું શરીર થોડું ભરાવદાર થતાં તેણી નમણી લાગણી હતી. કઢંગીના બદલે હવે તેમાં રહેલી ગ્રામ્ય જીવનની સુષુપ્ત લાગણીઓ પ્રગટ થવા લાગી. તેનામાં વાતચીત કરવાની રીતભાત આદર સત્કાર આ બધું ધીમે ધીમે પ્રગટ થવા લાગ્યું. તેની યુવાનીના દશ વર્ષમાં જ અજ્ઞાનતાના પડળો તેના માનસપટ પર વિંટળાઇ ગયા હતા. તે આવરણો દૂર થવા લાગ્યા. તે સામાજિકતા કેળવવા લાગી. તેણી સંપૂર્ણ સભાન બની હતી. પાંચ-છ મહિનામાં તો તેણી ઝડપથી લખી-વાંચી શકતી હતી. તે એક સંસ્કારના પ્રતિક સમી મૂર્તિ બની ગઈ હતી. તેનામાં એક આદર્શ નારીનાં દર્શન થતાં હતા.

આશામાં થયેલા પરીવર્તનથી કેન્દ્રની બહેનો સહાનુભૂતિ દર્શાવતી સહજ બોલી ઉઠતી, "આવી હરણી જેવી દીકરીની જિંદગી બગાડનારને તો કડક સજા કરવી જોઇએ, જેથી બીજી કોઇ સ્ત્રીઓને તેનો પતિ આવી રીતે પરેશાન ન કરે. આ પારેવા જેવી ભોળી છોકરીને જીવવા જેવી રહેવા દીધી ન હતી."

આશા સવારમાં ઊઠી તેને સોંપવામાં આવેલી કામગીરી કરતીને દરરોજ બોર્ડ પર સુવિચાર લખતી. પ્રાર્થના સભામાં ભજન પણ ગાતી હતી. એક દિવસ ગૃહમાતાના કહેવાથી તેના પિતાજીને પત્ર પણ લખ્યો હતો.

આશાની ટપાલ મળતા તેનાં બાપુજીનું હૈયુ ભરાઈ આવ્યું. પોસ્ટ માસ્તર જેમ જેમ ટપાલ વાંચતાં જતાં તેમ તેમ દાદાની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. બે-ત્રણ દિવસમાં આશા બાપુજીને મળવા આવવાની છે. એ શબ્દો સાંભળતા દાદાના સુકાયેલા દેહમાં પ્રાણ આવ્યા ને દીકરીની આવવાની કાગ ડોળે રાહ જોવા લાગ્યા.

થોડા દિવસ પછી ગામના પાદરમાં મોટરનો અવાજ સાંભળતાં છોકરાઓ દોડી ગયાને આનંદમાં આવી કોલાહલ કરી મૂકતા ગાડીને ઘેરી વળ્યા. ઘરકામ પડતું મુકીને નાના મોટા બધાં મોટર ફરતાં ફરતાં કુતૂહલતાથી આશાને જોવા માટે ઊભા રહી ગયા. ગાડીમાંથી સંધ્યા, ગૃહમાતા, અને આશાને ઉતરતાં જોઇ ગામના લોકો આશ્ચર્યચકિત થઇ ગયાને ઉતરતા જોઇ ગામના લોકો આશ્ચર્યચકિત થઇ ગયા ને આશાને ઓળખવામાં ભૂલ ખાઈ ગયા. અરે આશાના બાપુ પણ દીકરીને ઓળખી શક્યા નહિ. આશા તેના બાપુને જોતા તેનું હૈયુ ભરાઈ આવ્યું ને તેના બાપુને વળગી પડતા બોલી ઊઠી, "બા...પુ... બા... પુ..." ને આશા ચોધાર આંસુએ રડી પડી. દાદા પોતાની દીકરીને જોઇને આનંદના અતિરેકથી રડી પડ્યા. ગામના લોકોને પણ હરખનો પાર ન રહ્યો.

આશાએ એના બાપુજીના આંસુ લૂંછ્યા પછી વડીલોના પગમાં પડતા બોલી ઊઠી. "કેમ છો દાદા... દાદીમાં... કેમ છો કાકા..."

"અરે, આતો બાબુ! આવડો મોટો થઇ ગયો તું ભણજે હો. એમ કહેતા આશાએ તેના માથે હાથ ફેરવ્યો."

આમ આશામાં થયેલા પરિવર્તનથી સૌ લોકોની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યા. આશા મહેમાનોની સાથે તેના ઘરમાં દાખલ થઇ. ઘરમાં તેનો ભૂતકાળ તરવરવા લાગ્યો. કેટલી યાદોથી તેને બચપણની હરકતો યાદ આવી ગઇ. પછી તેણીએ રસોઇ બનાવીને સૌ મહેમાનોને સાથે બેસી જમાડ્યા.

આશાને નવું જીવન અપાવનાર સંધ્યા અને ગૃહમાતાના પગમાં દાદા પડ્યા. સંધ્યા અને ગૃહમાતાએ દાદાને ધીરજ આપતાં કહ્યુ, ''દાદાજી મેં તમને કહ્યું હતું ને કે નારીકેન્દ્રમાં તમારી દીકરી બદલાઇ જશે!''


''હા... દીકરી'' દાદાએ આંસુ લૂછતાં લૂછતાં કહ્યું. ગામના લોકો પણ મહેમાનોને મળવા માટે આવ્યા અને નારી કેન્દ્રની પ્રવૃત્તિથી સંધ્યાને ધન્યવાદ દેવા લાગ્યા સાંજના પિતાજી પાસેથી વિદાય લેતા આશાએ કહ્યું. ''બાપુજી, તમારી તબિયત સાચવજો હું થોડા દિવસ પછી ફરી મળવા આવીશ.'' આશાની સમજ પૂર્વકની ડાહી ડાહી વાતો સાંભળતા દાદાને હૈયે ટાઢક વળીને હૈયે ડુમો ભરાઇ આવતા તે કશું બોલી શક્યા નહીં. ગાડી ઉપડતા આશાના બાપુની આંખોમાં આનંદના અતિરેકથી ઝળઝળીયાં આવી ગયા. ભેળા થયેલા ગામનાં લોકોને આશાએ કહ્યું, ''ને આશાના બાપુજી દૂર દૂર સુધી ધૂળની ડમરીઓ વચ્ચે અદશ્ય થતી મોટરને જોઇ જ રહ્યા. તેમની આંખોમાંથી આંસુની ધારા વહી રહી હતી.''

**(ક્રમશઃ)**

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૬ઠ્ઠી ઓગષ્ટ**



- રોગ પ્રતિકાર અને રોગ નિવારણ ક્ષેત્રે પેનેસિલીનની શોધ દ્વારા નવો જ અધ્યાય શરૂ કરનારા એલેકઝાન્ડર ફ્લેમિંગનો જન્મદિન ૬-૮-૧૮૮૧.

સારવારમાં ઉપયોગી અને બેકટેરિયાનો નાશ કરનારી આ અત્યંત ઉપયોગી શોધ માટે તબીબી શાખાનું નોબેલ પારિતોષિક તેમને મળ્યું. ૧૯૫૫માં ફ્લેમિંગનું અવસાન થયું.

- ઓરિસ્સા-ભુવનેશ્વરના પ્રાચીન સંશોધનો માટે પુરૂષાર્થ કરનારા સમર્થ પુરાતત્ત્વવિંદ રાજા રાજેન્દ્રલાલની પુણ્યતિથિ ૭-૮-૧૮૯૧.

'વિવિધાર્થ સંગ્રહ' નામનું સચિત્ર બંગાળી સામયિક એમણે શરૂ કર્યું.

- માનવતાવાદી વૈજ્ઞાનિક ડો. મેઘનાથ



શહાનો જન્મ ૧૮૯૩.

- ગુજરાતી રંગભૂમિના પિતા રણછોડભાઇ ઉદયરામનો જન્મ - ૧૮૩૭.